શ્રી રામચંદ્ર મીશન
ECHOES INDIA NEWSLETTER

# 116th જન્મ જયંતિની ઉજવણી

# પૂજ્ય બાબુજી મહારાજ




લખનૌ, યુ.પી.
29મી એપ્રીલથી 1લી મે 2015

## પ્રારંભિક જાહેરાત

તારીખ 12મી જાન્યુઆરી 2015ના રોજ, આદરણીય કમલેશભાઈએ સહજ સંદેશ દ્વારા દુનિયાભરના અભ્યાસીઓ માટે જાહેર કર્યું કે, પૂજ્ય બાબુજી મહારાજની જન્મ જયંતિની ઉજવણી લખનૌ, યુ.પી. ખાતે, 29મી એપ્રીલથી 1લી મે, 2015 દરમિયાન રાખવામાં આવશે. તેમણે મોટી સંખ્યામાં ત્યાં એકત્રિત થવા અભ્યાસીઓને આગ્રહપૂર્વક વિનંતિ કરી હતી.

## તૈયારીઓ

લખનૌ ખાતે ઉજવણીની જેવી જાહેરાત થઈ કે તરત જ ઉજવણીની તૈયારીઓની શરૂઆત કરવામાં આવી. 2010માં પ્રિય ચારીજીનો જન્મોત્સવ ઉજવ્યા પછી પાંચ વર્ષોના લાંબા ગાળા બાદ આ ઉત્સવ માટે અગાઉથી તૈયારીઓ કરવાની અભ્યાસીઓને ઉત્સુકતા હતી.

સેલીબ્રેશન કમીટીએ વ્યવસ્થાઓ, રજીસ્ટ્રેશનની તૈયારીઓ અને સ્વયં સેવકોની ટૂકડી બનાવવા માટે સરક્યુલર મોકલવાનું શરૂ કરી દીધું હતું કે જેથી તેઓ બધા માટે જરૂરી સગવડો પૂરી પાડી શકે અને ઉત્સુકતાનાં વિશેષ વાતાવરણમાં તરબોર થઈ શકે.

સ્વયંસેવકોના નાના પણ નિષ્ઠાવાન જૂથે સ્થળ ખાતે અથાગ રીતે કામ કર્યું હતું. તૈયારીઓનું નિરીક્ષણ કરવા શ્રી કમલેશભાઈએ 15મી એપ્રીલે લખનૌ આશ્રમની મુલાકાત લીધી, અને સ્થળ ઉપર તૈયાર કરવામાં આવતા રસોડા સહિત, રહેઠાણ વ્યવસ્થા, કમ્ફર્ટ ડોર્મ્સ, કેન્ટીન, બુકસ્ટોલ, ચિકિત્સા કેન્દ્ર, બાલ કેન્દ્ર વગેરેમાં ફર્યા હતા. તૈયારીઓની પ્રગતિ જોઈને તેઓ પ્રસન્ન હતા, અને વધારે સુધારાઓ માટે તેમણે કેટલાંક સૂચનો કર્યા હતા.

## ભંડારા માટે માસ્ટરનું આગમન

ઉત્સવની ઘણા સમયથી પ્રતિક્ષા કરવામાં આવતી હતી, શ્રી કમલેશભાઈ હૈદરાબાદથી 27મીની સાંજે આવી ગયા હતા તે માટે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

તેમણે 27મીના સાંજના અને 28ના રોજ બે સત્સંગોનું સંચાલન કર્યું હતું. 28મીની સવારે, જ્યારે અભ્યાસીઓએ તેમને ત્રણ કલાક કરતાં પણ વધારે સમય માટે, કેન્ટીનમાં ટોકનોની વહેંચણી કરતા જોયા ત્યારે તેમને આશ્ચર્ય થયું, અને તેમની પાસેથી ટોકનોને પ્રાપ્ત કરવા દરેક જણ લાઈનમાં ઊભા રહ્યા હતા. તે દિવસે તેમણે પાંચ લગ્નો પણ કરાવ્યા હતાં.




## ઉત્સવનું સ્થળ

આવા મોટા સંમેલન માટે, વ્યવસ્થાઓ બહુ મોટા ક્ષેત્રફળમાં કરવામાં આવી હતી. એક છેડા ઉપર અભ્યાસીઓની નોંધણી માટેની, ગાદલાં માટેની, રહેઠાણના તંબુઓ માટેની, તેમ જ મુખ્ય રસોડું અને ભોજનખંડ માટેની વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મેડીટેશન હોલ તરફ જવાના રસ્તા ઉપર, પીવાના પાણીની, બુકસ્ટોલની, ડોનેશન સ્વીકારવા માટેના કાર્યાલયની, બેન્કની અને વિવિધ નાસ્તાઓ અને વાનગીઓ સાથે એક વિશાળ કેન્ટીનની વ્યવસ્થા કરવામાં આવી હતી. મેડીટેશન હોલ તરફ જવાના રસ્તા ઉપર, કેન્ટીન પછી ચીલ્ડ્રન સેન્ટર રાખવામાં આવ્યું હતું, જેથી અભ્યાસીઓ ધ્યાનખંડમાં જતાં પહેલાં પોતાના બાળકોને સહેલાઈથી ત્યાં મૂકી શકે. ઊંમર લાયક અભ્યાસીઓ માટે, ટેન્ટથી મેડીટેશન હોલમાં જવા માટે, વાહન વ્યવસ્થા કરવામાં આવી હતી. મેડીટેશન હોલની બાજુમાં જ માસ્ટરની કોટેજ હતી અને તેની બાજુમાં એક નાની કેન્ટીન સાથે સુખ નિવાસની વ્યવસ્થા કરવામાં આવી હતી..

બુક સ્ટોલખૂબ વિશાળ હતો અને તેમાં ઘણા વિભાગો હતા જેમાં ફોટોગ્રાફ પણ વેચાણ માટે હતાં. મોલમાં જે રીતે બીલીંગ વ્યવસ્થા હોય તેવી નવી વ્યવસ્થા બીલીંગ માટે રાખવામાં આવી હતી. અભ્યાસી બધે ફરી પોતાની પસંદગીની ડીવીડી, એમપી૩ કે પસંદગીનું પુસ્તક ખરીદી રોકડ કે ક્રેડીટ કાર્ડ દ્વારા બીલ ભરવામાં આવી શકાતું હતું. આમ દરેકને નવો અનુભવ મળ્યો હતો.

## મેડીટેશન હોલ

જો કે 154000 ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતો ધ્યાન ખંડ સૌથી પ્રભાવશાળી હતો. તે ખાસ જર્મન ટેકનોલોજીથી બાંધવામાં આવ્યો હતો અને તેના 130 ફૂટ્ના છાપરાને ટેકો આપવા માટે વચ્ચે એક પણ થાંભલાનીજરૂર પડી ન હતી, જેને કારણે સમગ્ર મંચને કોઈ પણ પ્રકારના અવરોધ વિના નિહાળી શકાતો હતો. તમામ અભ્યાસીઓ સહેલાઈથી નિહાળી શકે તે માટે મંચ પર અને સંખ્યાબંધ એલ.ઈ.ડી સ્ક્રીન રાખવામાં આવ્યા હતા. જેમણે જમીન ઉપર બેસવું હોય, જેઓ પોતાની ખુરસીઓ લઈને આવ્યા હોય અને જેઓને ખુરસીઓની જરૂરીયાત હોય, તેવા અભ્યાસીઓને માટે અલગ અલગ વિભાગો હતા. આ સમય દરમિયાન, લખનૌમાં પડતી ગરમીને ધ્યાનમાં રાખીને, છાપરાને પીવીસીના પતરાથી ઢાંકવામાં આવ્યું હતું, જેને કારણે માત્ર ખંડને અંદરનુંજ તાપમાન ઘટ્યું હતું એટલું જ નહીં પણ તેને વોટરપ્રુફ પણ બનાવવામાં આવ્યું હતું. ધ્યાન માટે વાતાવરણને આરામદાયક બનાવવા માટે, ખંડમાં છત ઉપર સંખ્યાબંધ પંખા મુકવામાં આવ્યા હતા, અને બાજુમાં પાણીના ફૂવારાવાળા પંખા મુકવામાં આવ્યા હતા.

## સ્વયંસેવકો

સમર્પિત સ્વયંસેવકોની ટીમ વિના ઉજવણી થઈ જ ના શકે. વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ટ્રાન્સપોર્ટેશન, હાઉસ કીપીંગ, મેડીટેશન હોલ, સીક્યુરીટી માટે તમામ વયના સ્વયંસેવકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ ભંડારામાં સ્વયંસેવકોએ પોતાના હાથ ઉપર વિષય ઉપર આધારિત પટ્ટાઓ પહેર્યા હતા, જેમકે સીક્યુરીટીના સ્વયંસેવકોએ ‘ નમ્રતા’ હાઉસ કીપીંગના સ્વયંસેવકોએ, ‘ સેવા’ તબીબી સેવાના સ્વયંસેવકોએ, ‘ પ્રેમ’ અને મેડીટેશન હોલના સ્વયંસેવકોએ ‘ મૌન’ .

## રજીસ્ટ્રેશન

2800 બાળકો સહિત કુલ આશરે 20,000 લોકોએ ભંડારામાં હાજરી આપી હતી.







## ઉજવણી

29મી એપ્રીલના રોજ, સવારના 6:30 વાગ્યાના સત્સંગથી ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. એક બાજુએ પ્રિય બાબુજી મહારાજની તસવીર અને ‘ પવિત્ર પ્રેમ સાથે એકતા’ ના લખાણ સાથે પૃષ્ઠભુમિને સુંદર રીતે સજાવવામાં આવી હતી.

સત્સંગ બાદ સંખ્યાબંધ બાળકોને નવા પ્રકાશનો, ડીવીડીઓ, અને શ્રાવ્ય પુસ્તકોના વિમોચન માટે બોલાવવામાં આવ્યાં હતાં.

### માસ્ટર દ્વારા પ્રથમ પ્રવચન

અભ્યાસીઓની પ્રસન્નતા માટે, શ્રી કમલેશભાઈએ પ્રાર્થના, સફાઈ અને અવસ્થાને જાળવી રાખવાની અગત્યતાને આવરી લેતા મુદ્દાઓ ઉપર પ્રવચન આપ્યું હતું.

- સહજ માર્ગમાં આપણે કહીએ છીએ, ‘ આપણે હજી આપણી ઈચ્છાઓના ગુલામ છીએ’ અને ‘ અમને તે અવસ્થા સુધી લાવવા માટે તમે જ ઈશ્વર અને શક્તિ છો.’ આમ પ્રાર્થનામાં બહુવચન ‘ અમે’ નો ઉપયોગ કરવામાં આવતો હોય છે, એકવચન ‘ હું’ નહીં, આપણે માત્ર આપણા પોતાના માટે જ પ્રાર્થનાને મર્યાદિત બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. પ્રાર્થના મારા એકલા માટે નથી, પણ આપણા બધા માટે છે.
- સફાઈ વિષે – જો આપણે તેમ વિચાર કરીને બેસીએ કે જટિલતાઓ બહાર નીકળી રહી છે, ત્યારે જે બાકી રહે છે તે સાદગી હોય છે અને જો આપણે તેમ વિચાર કરીને બેસીએ કે અશુદ્ધિઓ બહાર જઈ રહી છે, તો જે બાકી બચશે તે શુદ્ધતા હશે.
- હૃદયની અવસ્થા ઉપર બોલતાં તેમણે કહ્યું, જેમ માતા બાળકને તેના ગર્ભમાં નવ મહીના ધારણ કરે છે અને નવ માસ બાદ તેને ભૌતિક જગતમાં જન્મ આપે છે, તેવી જ રીતે માસ્ટર પણ અભ્યાસીને આધ્યાત્મિક અસ્તિત્વમાં દિવ્ય જગત કે જેમાં આપણે છેવટે લય પામવાનું છે જન્મ આપે તે પહેલાં, પોતાના મનમાં સાત મહિના સુધી રાખે છે. અભ્યાસીઓને તેમણે વિનંતી કરી કે અભ્યાસીઓ પોતાની અંદર, માસ્ટર સાથેનું કાયમી જોડાણ રાખે અને આ માટે શિષ્ત જરૂરી છે.

11:00 વાગ્યાના સત્સંગ બાદ, ‘ રામચંન્દ્રની સંપૂર્ણ કૃતિઓ– ભાગ 5’ ની વિશેષ આવૃત્તિઓનું વિમોચન કરવામાં આવ્યું હતું.

1940થી 1970 સુધીની આ આવૃત્તિમાં, બાબુજી મહારાજના લેખો, અપ્રકાશિત પત્રોના અંશો, અનૌપચારિક વાતચિતોના અવતરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સાંજે 5:30ના સત્સંગ બાદ, ફરીથી તેઓ એક વાર પ્રેમ અને





અભ્યાસીઓના સાધનાને છોડી દેવાના કારણો વિષે અને બદલાવને આવકારીને, તેનો સ્વીકાર કરવા બાબતે બોલ્યાં હતા.

- તેમણે જણાવ્યું કે પ્રેમ એવી પવિત્ર વસ્તુ છે કે તેના ઉપર બોલવું ન જોઈએ. પ્રેમમાં માત્ર પ્રેમી, પ્રેમ પોતે અને પ્રિયતમ જ હોય છે.
- તેમણે કહ્યું હતું કે આપણે સંસ્કારોની સાથે સાથે, આપણા અહંકારના મોટા ભારનું વહન કરતા હોઈએ છીએ, જે પ્રગતિ માટે અને બદલાવ માટે અવરોધક બને છે.
- બદલાવ વિષે બોલતાં તેમણે જણાવ્યું કે પ્રગતિ કરવા માટે આપણે બદલાવ લાવવાની અને અને આ બદલાવને આવકારવાની જરૂર છે. બદલાવ માટે આપણે એટલા બધા પ્રતિરોધક હોઈએ છીએ કે જ્યારે માસ્ટર આપણને આગળ લઈ જવા ઈચ્છતા હોય, ત્યારે પણ આપણે જ્યાં હોઈએ ત્યાંના ત્યાં જ રહેવા માગીએ છીએ. જે હદ સુધી આપણે સહન કરી શકીએ, તે હદ સુધી જ માસ્ટર આપણામાં બદલાવની શરૂઆત કરશે. બદલાવના સ્વીકારનો આ માર્ગ, સામાન્ય અભ્યાસીઓ માટે નથી, પણ તે અસાધારણ અભ્યાસીઓ માટે છે, કારણકે બદલાવનો સ્વીકાર કરવો સહેલો નથી.

### 30મી એપ્રીલ, 2015

સ્ટેજની પૃષ્ઠભૂમિમાં એક બાજુએ બાબુજી મહારાજની તસવીરો અને બીજી બાજુએ પંખીઓના ઝુંડની તસવીર, સાથે ‘ પવિત્ર પ્રેમની સાથેનો સુમેળ’ શબ્દોથી, મંચને સજાવવામાં આવ્યો હતો.

સવારના 6:30 વાગ્યાના સત્સંગ બાદ, ભાઈ ગુરુપ્રીતે બે ભજનો ગાયાં હતાં તેનાથી તમામ અભ્યાસીઓ ભાવવિભોર થઈ ગયા. મેડીટેશન હોલમાં બાબુજી મહારાજના જીવનની વીડીઓનો પહેલો અને બીજો ભાગ દર્શાવવામાં આવ્યો હતો. 11:00 વાગ્યાના સત્સંગ બાદ, ભાઈ પી.આર. ક્રિષ્ના તેમના વિચારોના આદાન પ્રદાન માટે, અને ‘ વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ’ ની ખાસ આવૃત્તિનું વિમોચન કરવા આમંત્રિત કરાયા હતા. લાલાજી, બાબુજી, માસ્ટરના માતાશ્રી જાનકી, પત્ની સુલોચના અને તેમના ભાઈ કોથન્ડરામન દ્વારા આપણા પ્રિય ચારીજીને સંબોધિત કરાયેલા સંદેશાઓનો આ આવૃતિમાં સમાવેશ થયેલો છે. તેમના સંબોધનમાં ભાઈ ક્રિષ્નાએ, ગુરુઓની વંશાવલીમાં આધ્યાત્મિક ખોજ માટે આપણા બધાનું નેતૃત્વ કરવા શ્રી કમલેશભાઈને પસંદ કરાયા, તે બદલ ભાઈ ક્રિષ્ના ખુશી અને ગર્વ અભિવ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આપણે એ યાદ રાખવું જ જોઈએ કે માસ્ટર આપણી સેવા કરવા માટે નથી, પણ તેઓ માસ્ટરોની વંશાવલીની સેવા માટે છે કે જેમણે તેમને પસંદ કર્યા છે અને જેમણે તેમને સેવા કરવા માટે વચન આપ્યું છે.

ચારીજી વિષે તેમણે બોલતાં તેમણે જણાવ્યું હતું કે તેમાના પિતાજી મિશનની સેવા માટે, કોઈ પણ પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડે તો પણ, ક્યારેય કોઈ પણ સેવા કરતાં થાકતા ન હતા. ‘ વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ’ વિષે બોલતાં તેમણે જણાવ્યું કે ચારીજી આ સંદેશાઓનું સંકલન કરીને તેને એક ખાસ પુસ્તક સ્વરૂપે ઈચ્છતા હતા, જે સંખ્યાબંધ તસવીરોથી સુશોભિત થયેલું હોય અને એક ખાસ આવૃત્તિ સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવે. જ્યારે પુસ્તક તૈયાર થઈ રહ્યું હતું ત્યારે ચારીજી પ્રસન્નતાપૂર્વક તેમને મળેલા વધારે નવા સંદેશાઓને ઉમેરતા રહેતા, અને જ્યારે પુસ્તકની પહેલી બાઉન્ડ પ્રત સૌ પ્રથમ તૈયાર થઈ, ત્યારે તેઓ એકેદમ ખુશ હતા.

આ સંબોધન બાદ, આપણા સહજ માર્ગ પરિવારના બાળકો દ્વારા વિવિધ પ્રકાશનોનું વિમોચન કરવામાં આવ્યું હતું.

સાંજના 5:30 કલાકના સત્સંગ બાદ, બહેન રંજના મહેતાએ કેટલાંક ભાવવિભોર કરતાં ભજનો ગાયાં હતાં. ત્યાર બાદ શ્રી કમલેશભાઈએ પ્રવચન આપ્યું હતું જેમાં તેઓ કોઈની ટીકા ન કરવાની, આપણે બધા એક જ પરિવારના છીએ તેનો અનુભવ કરવાની તથા માસ્ટર સાથે કાયમી આંતરિક જોડાણ પ્રસ્થાપિત કરવાની, તાતી જરૂરીયાત વિષે બોલ્યા હતા.

- શ્રી કમલેશભાઈએ જણાવ્યું હતું કે અભ્યાસીઓની ટીકા કરવાની ટેવથી તેઓ વ્યથિત થઈ ગયા હતા.





તેમણે કહ્યું હતું કે આપણો પરિવાર એક છે, અને કોઈ પણ પરિવારમાં આપણે બધા કરીએ છીએ તેમ આપણે એકબીજા સાથે વાતચિત કરીને સમસ્યાનું સમાધાન શોધવું જોઈએ. આપણા પ્રિય ચારીજીની મહાસમાધિ પછી, આવેલા ઘણા પરિવર્તનો વિષે તેમણે જે ટીકાઓ સાંભળી હતી, તે બાબતમાં તેઓ બોલ્યા હતા અને તેમણે હિંમતપૂર્વક જણાવ્યું હતું કે દરેકે દરેક કાર્યવાહી ગુરુઓની ઈચ્છાઓ અનુસાર કરવામાં આવી હતી.

- સંકલ્પશક્તિ ઉપર બોલતાં તેમણે જણાવ્યું હતું કે આપણને બધાએ ઊંડી સંલકપશક્તિની જરૂર છે, તે માટે જરૂરી શક્તિ તેઓ પૂરી પાડશે. આપણે માત્ર દ્રઢ ઈચ્છા અથવા સંકલ્પ હાંસલ કરવા માટે તેને પ્રસ્થાપિત કરવાની જરૂર છે.
- આપણે માસ્ટર જેવા બનવાની દ્રઢ ઈચ્છા રાખવી જોઈએ. છતાં, ' મને તેમના જેવો બનાવો' તેવું માત્ર વિચારવું તે મુર્ખતા છે. આ બદલાવ લાવવા માટે આપણે શું કરવું જોઈએ, કઈ નબળાઈને દૂર કરવી જોઈએ, અને તે પ્રક્રિયામાં માસ્ટર સાથે કાયમી જોડાણ પ્રસ્થાપિત કરવાનો ડગલેને પગલે વિચાર કરવો જોઈએ.
- માસ્ટરના દર્શન કરવાના પાગલપણા વિષે બોલતા તેમણે કહ્યું હતું કે બાબુજીનું દર્શન કરવા ઘણા લોકો આવતા હતા, પણ તેઓ તેમનું દર્શન કરતા ન હતા. આ માત્ર તેમને જોવાની બાબત નથી પણ તેમને અંદરથી અનુભવવાની બાબત છે.

**1લી મે 2015**

ભંડારાના છેલ્લા દિવસનો વિષય હતો: ' પવિત્ર પ્રેમ સાથે ગુપ્તતા'

છેલ્લા સત્સંગ બાદ, ભંડારા દરમ્યાન હાંસલ કરાયેલી હાલત વિષે પોતાની જાતને અવગત કરાવવા ઉપર શ્રી કમલેશભાઈ વકતવ્ય આપ્યું





હતું. ભંડારા માટે પોતાની જાતને તૈયાર કરવા વિષે, આપણી વાસના ઉપર વિજય પ્રાપ્ત કરવા વિષે અને ધ્યાન માટે ચોક્કસ સમય નક્કી કરવા બાબતે પણ તેઓ બોલ્યા હતા. અને હવે પછીના થીરૂવલ્લુર ખાતેના ભંડારા માટે મોટી સંખ્યામાં આભ્યાસીઓને મળવા માટેની આશા વ્યકત કરી.

તેમણે તમામ સ્વયંસેવકોનો, સેલીબ્રેશન કમિટિનો, લખનૌના આભ્યાસીઓનો, આશ્રમ મેનેજરનો અને આ ભંડારાને સફળ બનાવવામાં બધાએ ભેગા મળીને સંયુકતરીતે કામ કરનારા તમામનો આભાર વ્યકત કર્યો હતો. થીરૂવલ્લુર ખાતે તેમણે પ્રિય ચારીજીની 88મી જન્મ જયંતિ માટે અભ્યાસીઓને સંપૂર્ણ તાકાત સાથે ભેગા થયેલા જોવા માટેની પોતાની ભાવનાશીલ આશાને વ્યકત કરી હતી.

સત્સંગના સપાપન બાદ, આદરણીય કમલેશભાઈ સેલીબ્રેશન કમિટિના સભ્યોને કોટેજમાં મળ્યા હતા અને તેઓના યોગદાન બદલ તેમનો આભાર માન્યો હતો, અને તેમની સાથે અલ્પાહાર કર્યો હતો. ત્યાર બાદ, સહજ માર્ગ સ્પીરીચ્યુઆલીટી ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ સાથે સવારે 10:00 વાગે બેઠક યોજવામાં આવી હતી. આશરે 11:00 કલાકે વર્કીંગ કમિટિ સાથે મિટિંગ રાખવામાં આવી હતી અને ત્યાર બાદ તેમણે કમીટીના સભ્યો સાથે બપોરનું ભોજન લીધું હતું.

તમામ અભ્યાસીઓને ઉજવણીમાં તેમની હાજરીની નોંધણી માટે, ગોલ્ડન બુકમાં સહી કરવા માટે વિનંતિ કરવામાં આવી હતી.





આની સુવિધા કરી આપવા તેમની માટે મોબાઈલ ડેસ્ક સાથે યુવા સ્વયંસેવકોની આશરે દસ ટીમો રહેવાના ટેન્ટોમાં જઈ સહી કરાવી હતી. શ્રી કમલેશભાઈએ તાજેતરમાં સૂચવેલા સૂચનો અને વિચારોને વીઝીટીંગ કાર્ડ પર છાપવામાં આવ્યા હતા.

બાબુજી મહારાજ લિખિત ‘ વ્યક્તિત્વની સમસ્યા’ શિર્ષક ધરાવતા લેખ વિષેના અહેવાલને અભ્યાસીઓમાં વહેંચવામાં આવ્યા હતા.

**બાળકો અને યુવા કેન્દ્રની પ્રવૃત્તિઓ**

અલગ અલગ વય જૂથના બાળકો માટે એક તરવરતા બાલ કેંન્દ્ર ની રચના કરવામાં આવી હતી. માતા–પિતા કોઈ પણ પ્રકારના અડચણ વિના સત્સંગમાં હાજરી આપી શકે તે માટે, સવારના 6:00 કલાકથી સાંજના 7:00 કલાક સુધી કાર્યરત રહેતું હતું. આશરે 2800 બાળકોની નોંધણી થઈ હતી અને તેઓને મુખ્યત્વે ત્રણ જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા. ‘‘સાદાઈ’’ વિષય ઉપર, કેંન્દ્રની પ્રવૃત્તિઓ આધારિત હતી અને સમગ્ર વિસ્તારને હૃદય આકારના કાપેલા સુશોભિત પૂઠાંઓથી સમસ્ત દુનિયામાંથી આવેલા ઉત્સાહી બાળકો દ્વારા શણગારવામાં આવ્યું હતું. તેઓને મનોરંજન પૂરું પાડવા માટે તથા મુલ્યોને મનમાં ઠસાવવા માટે અનેક પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવ્યું હતું. ભંડારા દરમિયાન મિશનના પુસ્તકોનું વિમોચન કોણ કરશે તે માટે લકી ડ્રોમાં ભાગ લેવા માટેની તક એક મહત્ત્વનું આકર્ષણ હતું. પોતાને શ્રી કમલેશભાઈની હાજરીમાં અનેક પુસ્તકોનું વિમોચન કરવાની તક મળતી હોવાથી, પસંદગી પામેલા બાળકો અત્યંત ખુશ હતાં.

દરેક દિવસની શરૂઆત અગાસી પર છોડ માટે માટી તૈયાર કરવાના અને છોડને રોપવાના સત્રથી થતી હતી અને ત્યાર બાદ વૃક્ષ સાથેના વાર્તાલાપના કાર્યક્રમમાં, અને છોડવા સાથે વાતચિતમાં બાળકો ખાસ્સો સમય વિતાવતા હતા. તમામ બાળકોને માટે, સત્રોની શરૂઆત હળવા વિશ્રામની પધ્ધતિથી કરવામાં આવતી. નિયમ 9ને યાદ રાખવા માટેનું સત્ર પણ રાખવામાં આવ્યું હતું. બાળકોને બાબુજીના જીવન વિષે માહિતગાર બનાવવા, 30મી એપ્રીલના રોજ, બાબુજીના બાળપણના મહત્વના પાસાઓને દર્શાવતી એક નાની રજૂઆત કરવામાં આવી અને ત્યાર બાદ ‘ બાબુજીનું જીવન’ ઉપરનો વીડીઓ દર્શાવવામાં આવ્યો. લખનૌ શહેર ઉપર એક નાની રજૂઆત કરવામાં આવી. તારીખ 29મી અને 30મીના રોજ, યુ.પી.ના પ્રવાસ મંત્રાલય દ્વારા, બાળકોના મનોરંજન માટે, કઠપૂતળીના અને જાદુના ખેલની સેવા





પૂરી પાડવામાં આવી હતી. કાનપુર, વિજયવાડા, લખનૌ અને ચેન્નાઈથી આવેલા બાળકોએ ગીતો તથા નૃત્યોનો સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

13થી 17 વર્ષની વયના બાળકોએ નાસા સર્વાઈલ રમતને માણી હતી. તેઓને માટે ‘ જોડાયેલા રહેવું’ , ‘ માસ્ટરમાં શ્રધ્ધા સાથે’ , અને ‘ તેમના અભિયાનનો ફેલાવો’ વિષય ઉપર પણ સત્રો રાખવામાં આવ્યા હતાં. વકતાઓએ તેમના વ્યક્તિગત અને માસ્ટરના અનુભવો પણ એકબીજાને કહ્યા હતા.

બાળકો અને યુવા કેન્દ્રના કાર્યક્રમની સમાપ્તિને, બાળકોએ માસ્ટર દ્વારા પ્રાયોજીત આઈસક્રીમની ઉજાણી દ્વારા માણ્યો હતો.



## નવા પ્રકાશનો

### બુક્સ










રામચંન્દ્રના સંપૂર્ણ કૃતિઓ ભાગ ૧ (તામિલ)

રામચંન્દ્રના સંપૂર્ણ કૃતિઓ ભાગ ૪ (હિન્દી)

ધ સ્ટોરી ઓફ ડીવાઈન રીવોલ્યુશન (અંગ્રેજી)




રામચંન્દ્રના સંપૂર્ણ કૃતિઓ ભાગ ૫ (અંગ્રેજી, ગુજરાતી, હિંન્દી, કન્નડ, મરાઠી, તેલુગુ)

## એમપી ૩ ઓડીયોબુક




વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ
હિન્દી




વોઈસ રીઅલ
અંગ્રેજી



દસ નિયમો ઉપર વિવેચન
અને રાજયોગની અસરકારકતા
તેલુગુ




દસ નિયમો ઉપર વિવેચન
અને રાજયોગની અસરકારકતા
ઉર્દુ

# નવા પ્રકાશનો




## એમપીઙ ઓડીયો

રાગોકે રંગ, માસ્ટર કે સંગ

હિંદી










## અંગ્રેજી ડીવીડીઓ

ફીફ્ટી યર્સ ઓફ સ્પ્લેન્ડર

કલીનલીનેસ અને પ્યોરીટી.

ધ યુનીવર્સ ઈઝ લવ.

એકસપીરીયન્સ એન્ડ કન્ડીશન.

ઈવોલ્વ વીથ ટાઈમ.

રીડ એન્ડ એન્જોય.

એ સીડ ફોર ફ્યુચર






















## હિંદી ડીવીડીઓ

સાધનામે ડૂબીએ.

સહજ માર્ગકો દિલસે અપનાઈએ.

દસ નિયમ – રીશી રંજન.

To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2015 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.